# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૫/ક્વા-૨/૧૯-૨૦/૭૬૩૮–૬** **તા.૧૯–૧૧–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૫/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **કેતનભાઈ લાલજીભાઈ વેકરીયા** ગામ: **લક્ષ્મીનગર**

રજૂઆત કરનાર: **અરજદાર કેતનભાઈ લાલજીભાઈ વેકરીયા અને તેમની સાથે કિશોરભાઈ હિરપરા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૨**

રજૂઆત કરનાર: (૧) નાયબ ઈજનેર શ્રી ( **એમ.પી.દાફડા**) –

(૨) **મહેન્દ્ર ચાવડા (સીની. આસી.)-**

(૩) ડી.વિ.મારકાણા **(જૂની. આસી.)- લક્ષ્મીનગર** પેટા વિભાગીય કચેરી **રાજકોટ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૧૩-૧૧-૨૦૧૯ ( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૧૧-૨૦૧૯ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર કેતનભાઈ લાલજીભાઈ વેકરીયા ગામ -લક્ષ્મીનગર, તેઓની અરજીના નોંધણી નં: ૭૫/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, વર્ષ–૨૦૧૧ મા વીજજોડાણ નંબર – ૮૭૬૦૪ / ૦૩૫૦૦/ ૦ સીંગલફેઇઝ માથી થ્રી ફેઇઝ કરાવેલ છે. સીંગલફેઇઝ વીજજોડાણ હતુ ત્યારે વીજકર ની રકમ ૨૫% હતી, જે થ્રી ફેઇઝ થયા બાદ – વીજકર ની રકમ ૧૦% થયેલ છે, તેમજ વીજકર બાબતે ની કોઈપણ જાણકારી ન હોય – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – વીજબીલ માહે ઓગષ્ટ–૧૯ મા રૂ.૪૧,૩૮૭/૫૩ નો આપેલ છે, જે એકસાથે ભરપાઈ કરી શકાય તેમ નથી. જેથી, અરજદારે વીજજોડાણ ન કાપવા તેમજ ન્યાય આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર શ્રી કેતનભાઈ લાલજીભાઈ વેકરિયા લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ ૯ કિલોવોટનું એન.આર.જી.પી. કેટેગરી નું ગ્રાહક નંબર ૮૭૬૦૪/૦૩૫૦૦/૦ થી વિજ કનેક્શન ધરાવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ નાં ઓડીટ રિપોર્ટ દરમ્યાન માલુમ પડેલ કે સદર વિજ ગ્રાહકને માર્ચ ૨૦૧૧ની સાલ થી જે વિજ બિલ આપવામાં આવતું તેમાં ઇલેક્ટ્રિક ડ્યુટી (વિદ્યુત શુલ્ક) ૧૦% લેવામાં આવતી, પરંતુ આ વિજ કનેક્શનમાં લેવા પાત્ર ૨૫% ઇલેક્ટ્રિક ડ્યુટી લેવાની થતી હતી. માહે માર્ચ ૨૦૧૧ માં સદર વિજ કનેક્શન સિંગલ ફેઇઝ માંથી થ્રી ફેઇઝ ગ્રાહક દ્વારા કરાવેલ ત્યારથી સિસ્ટમમાં કોઈપણ કારણોસર ઇલેક્ટ્રિક ડ્યુટી (વિદ્યુત શુલ્ક) ૧૦% મુજબ લેવાની ચાલુ થઈ ગયેલ, અગાઉ ૨૦૧૧ પહેલા આ વિજકનેક્શન માં ૨૫% મુજબ જ વિદ્યુત શુલ્ક લાગુ પડતું હતું.

૩.૧ ઉપરોક્ત બાબતે ઓડીટની નોંધણી મુજબ - માર્ચ-એપ્રિલ ૨૦૧૧ થી એપ્રિલ ૨૦૧૯ સુધી લેવા પાત્ર તફાવતની રકમ ગણતા આ રકમ રૂ.૪૧૪૨૨.૩૯ પૈસા ની છે, અને તે યોગ્ય છે, તેમજ ઓડીટ ટીમ દ્વારા સ્થળ તપાસ કરતા સદર વિજ કનેક્શન માંથી સાયબર કાફે ચાલુ છે- આ સાથે સદર વિજગ્રાહકનું વિજવપરાશનું સ્ટેટમેન્ટ (૧૪૫ પીઆરટી) તેમજ ઓડીટ રીકવરી કેલ્ક્યુલેશન શીટની નકલ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી કેતનભાઈ લાલજીભાઈ વેકરિયા લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ ૯ કિલોવોટનું એન.આર.જી.પી. કેટેગરી નું ગ્રાહક નંબર ૮૭૬૦૪/૦૩૫૦૦/૦ થી વિજકનેક્શન બેક્બોન એન્ટરપ્રાઈઝ ગ્રાઉન્ડ ફ્લોર માં દુકાન નં.–૪૦ થી ધરાવે છે, વર્ષ–૨૦૧૭ – ૧૮ ના પીજીવીસીએલ કંપની ના આંતરીક ઓડિટ ના રીપોર્ટ મુજબ – સદર વીજજોડાણના વીજબીલ માહે માર્ચ–એપ્રીલ– ૨૦૧૧ થી માહે એપ્રીલ –૨૦૧૯ સુધીમાં અપાયેલ વીજબીલમાં વીજકર ૧૦% લાગતો હતો – જે ખરેખર ૨૫% મુજબ વીજકર ની ગણતરી થવી જોઈતી હતી. તે મુજબ સદર સમયગાળા માટે તફાવત ના વીજબીલ ની રકમ રૂ.૪૧,૪૨૨/૩૯ વસુલવા પાત્ર થતી હોય – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર વીજબીલ ની રકમ અરજદાર ના નિયમીત વીજબીલ માહે ઓગષ્ટ–૧૯ માં ડેબીટ કરેલ છે.

૪.૨ ઉપરોકત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે – વીજકર ની તફાવત ની રકમ અન્વયે અરજદારને વિગતવાર જાણકારી આપવામાં આવેલ હોય તે અંગેની નોટીસ કે પત્ર પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ નથી. તદઉપરાંત, ઓડીટની નોંધણી મુજબ - માર્ચ-એપ્રિલ ૨૦૧૧ થી એપ્રિલ ૨૦૧૯ સુધીની વીજકરની રીકવરી કાઢેલ છે જે લગભગ ૮ વર્ષ થી વધારે સમયગાળાના વીજકરની તફાવતનુ રૂ. ૨૮૫૨૬૪.૪૭ નુ પુરવણીબીલ અચાનક જ માહે ઓગસ્ટ–૨૦૧૯ ના બીલ માં ચડાવવામા આવેલ છે, જે નિયમોને સુસંગત નથી. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૮૪ મા કરાયેલ જોગવાઈ નીચે મુજબ છે. '' કોઈપણ ગ્રાહક પાસે ચુકવણીમાં કસુરને કારણે બાકી નિકળતી રકમ, આવી રકમ પ્રથમ બાકી નિકળે તે તારીખ થી ૦૨ વર્ષની મુદત પછી વસુલવા પાત્ર થશે નહિ, સીવાયકે આવી રકમ, અધિનિયમની કલમ –૫૬ અનુસાર પુરી પાડેલી વીજળી તરીકે સતત દર્શાવવામા આવી હોય'' સદર બાબતો ને ધ્યાને લેતા – અરજદારને અપાયેલ સદર પુરવણીબીલની રકમ સળંગ વસુલવાને બદલે સદર બાબતના ઓડિટ રીપોર્ટની તારીખથી અગાઉના ૦૨ વર્ષ સુધીના સમયગાળા પુરતીજ તફાવતીય વીજકરની રકમ વસુલ કરવાની સામેવાળા ને સુચના આપવામા આવે છે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે, અને થયેલ કાર્યવાહી નો રીપોર્ટ ફોરમ ને દિન–૩૦ મા આપવા સામેવાળાને જણાવવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)
સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯